શ્રી અંબિકાનિકેતન મેડીકલ ટ્રસ્ટ
SHRI K. P. SANGHVI HOSPITAL
શ્રી કે. પી. સંઘવી હોસ્પિટલ
લાલવાડી, સગરામપુરા, સેન્ટર પોઈન્ટ પાછળ, રીંગરોડ, સુરત-૨. ફોન : ૦૨૬૧-૪૭૭૭૮૮, ૨૪૬૨૦૭૭-૮૮
જનરલ મેડીસીન ઓ.પી.ડી.
અનુભવી નિષ્ણાંત જનરલ ફીઝીશીયનની સેવા ઉપલબ્ધ
ડૉ. ગોપાલ કે. શાહ – M.D. Medicine
સોમ – બુધ – શુક્ર : સવારે ૧૦ થી ૧૧, સાંજે ૪ થી ૫
ડૉ. શશાંક પી. પાસવાલા – M.D. Medicine
મંગળ – ગુરૂ – શનિ : સવારે ૧૦ થી ૧૧, સાંજે ૪ થી ૫
ડૉ. નૈમિષ જે. ગાંધી – M.D. Medicine
સોમ થી શનિ : બપોરે ૧ થી ૨
ગેસ્ટ ઓ.પી.ડી. કન્સલ્ટન્ટ ફીઝીશીયન
ડૉ. એમ. આર. સૈયદ – M.D. Medicine
સોમ થી શુક્ર : બપોરે ૩ થી ૬

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

પંચકર્મ -અગ્નિકર્મ -વેધનકર્મ- મર્મરુહ: (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડની હોસ્પિટલ
વૈધરત્નમ્ સંદિપ પટેલ ॥ આયુર્વેદા વૈધશાલા ॥
निरामय आयुर्वेदिक होस्पीटल®
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
આયુર્વેદ ઔષધ-પંચકર્મ દ્વારા શકિતશાળી ઈમ્યુન સીસ્ટમ જે
કેન્સર (કર્કટાર્બુદ)
CKD (કિડનીના રોગો) અને
કાર્ડીયાક (હૃદયરોગો)
સામે દર્દીઓના સ્વાસ્થયનું રક્ષણ કરે છે....
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી–અસ્તાન રોડ, બારડોલી. Mo. 75748 61853

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ I e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ વૈશાખ સુદ બીજ રવિવાર ૧૯ એપ્રિલ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૧૫૦

પાનાં ૧૨+૮ કિંમત ₹ ૬.૦૦

# ઈરાને હોર્મુઝનો જળમાર્ગ ફરીથી બંધ કરી દીધો

**અમેરિકાએ** ઇરાની બંદરો તરફ આવતા જહાજોની નાકાબંધી ચાલુ રાખતા ઇરાને વળતું પગલું ભર્યું

**ઇરાનનો** અમેરિકા પર યુદ્ધ વિરામ શરતોનો ભંગનો આરોપ

**હોર્મુઝની** ખાડીના માર્ગે પસાર થતા જહાજો પર ઇરાની દળોનો ગોળીબાર

કાઈરો, તા. ૧૮(AP): હોર્મુઝની સામુદ્રધુની અંગેનો ગતિરોધ શનિવારે ફરી ઝડપથી વણસ્યો હતો. અમેરિકાએ ઈરાની બંદરોની નાકેબંધી કરીને અવરોધ ચાલુ રાખતા, તેના વળતા જવાબમાં ઈરાને આ મહત્વપૂર્ણ જળમાર્ગને ફરીથી ખોલવાનો પોતાનો નિર્ણય બદલી નાખ્યો અને ત્યાંથી પસાર થવાનો પ્રયાસ કરી રહેલા જહાજો પર ગોળીબાર કર્યો.

આ સામુદ્રધુની, જેમાંથી વિશ્વના કુલ તેલ પુરવઠાનો લગભગ પાંચમો ભાગ પસાર થાય છે, તેના પર સર્જાયેલી મૂંઝવણથી વૈશ્વિક અર્થતંત્રને હચમચાવી દેનારી ઊર્જા કટોકટી વધુ ઘેરી બનવાની અને બંને દેશો વચ્ચે ફરીથી સંઘર્ષ શરૂ થવાની આશંકા છે. બંને દેશો વચ્ચેનો યુદ્ધવિરામ આવતા અઠવાડિયાના મધ્યમાં પૂરો થઈ રહ્યો છે, અને પાકિસ્તાની મધ્યસ્થીઓ આ સંધિને ચાલુ રાખવા માટે સીધી વાટાઘાટોનો નવો રાઉન્ડ યોજવા માટે પ્રયત્નશીલ છે.

ઈરાનના સંયુક્ત સૈન્ય કમાન્ડે શનિવારે જણાવ્યું હતું કે, હોર્મુઝની સામુદ્રધુનીનું નિયંત્રણ તેની અગાઉની સ્થિતિમાં પાછું આવ્યું છે અને તે સશસ્ત્ર દળોના કડક સંચાલન હેઠળ રહેશે. તેમણે ચેતવણી આપી હતી કે જ્યાં સુધી અમેરિકા ઈરાની બંદરોની નાકેબંધી ચાલુ રાખશે ત્યાં સુધી તેઓ સામુદ્રધુનીમાંથી પરિવહન અટકાવવાનું ચાલુ રાખશે. બ્રિટિશ સૈન્યના યુનાઈટેડ કિંગડમ મેરીટાઈમ ટ્રેડ ઓપરેશન્સ સેન્ટરે જણાવ્યું હતું કે રિવોલ્યુશનરી ગાર્ડની ગનબોટ્સે શનિવારે સામુદ્રધુનીમાંથી પસાર થતા એક ટેન્કર પર ગોળીબાર કર્યો હતો અને એક અજ્ઞાત પ્રોજેક્ટાઈલ કન્ટેનર જહાજ સાથે અથડાતા તેના કન્ટેનરોને નુકસાન થયું હતું. ટેન્કરટ્રેકર્સ ડોટ કોમના અહેવાલ મુજબ, ઈરાકનું તેલ લઈ જઈ રહેલા એક સુપરટેન્કર સહિત બે ભારતીય ધ્વજ ધરાવતા જહાજો પર ઈરાન દ્વારા ગોળીબાર કરવામાં આવતા તેમને પાછા વળવાની ફરજ પડી હતી.

**યુદ્ધનો અંત લાવવાના માર્ગમાં ફરી અડચણો**

તણાવમાં થયેલો આ વધારો યુદ્ધનો અંત લાવવા અને ઈરાનના પરમાણુ કાર્યક્રમ અંગેના અંતિમ સોદા માટે ચાલી રહેલી વાટાઘાટોમાં બંને પક્ષો દ્વારા પોતપોતાનું વર્ચસ્વ જાળવી રાખવાના પ્રયાસોનું પરિણામ છે. અમેરિકા માટે આ નાકેબંધી એ બોમ્બમારો શરૂ કર્યા વિના ઈરાન પર દબાણ લાવવાનું એક મુખ્ય સાધન છે, જે ઈરાનની આયાત-નિકાસ અટકાવીને તેના ભાંગી પડેલા

...અનુસંધાન પાના 11 પર

## ઇરાન અમને બ્લેકમેઇલ કરી શકે નહીં: ટ્રમ્પ

**હોર્મુઝનો** માર્ગ ફરી બંધ થયા બાદ અમેરીકી પ્રમુખનું નિવેદન

**ઇરાનના** નવા સુપ્રીમ લીડરે કહ્યું કે ઇરાની દળો શત્રુઓને કડવો પરાજય ચખાડવા તૈયાર

**અમેરિકાને** ઇરાન પોતાનું સંતૃપ્ત યુરેનિયમ સોંપશે નહીં

વૉશિંગ્ટન, તહેરાન, તા. ૧૮: ઈરાને ફરી એકવાર હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવાની ધમકી આપ્યા બાદ, ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કર્યું છે કે ઈરાન અમેરિકાને 'બ્લેકમેલ' કરી શકે નહીં. શનિવારે એક પ્રશ્નોત્તરી સત્ર દરમિયાન રાષ્ટ્રપતિએ આ ઘેરાતા સંકટ વિશે વાત કરી હતી.

ટ્રમ્પે જણાવ્યું કે ઈરાન દ્વારા તેલ-સમૃદ્ધ વિસ્તારમાં જહાજોને ધમકાવવા છતાં બંને દેશો વચ્ચેની વાતચીત 'ખૂબ સારી રીતે ચાલી રહી છે.' તેમણે ઉમેર્યું, તેઓ વર્ષોથી કરે છે તેમ ફરીથી સામુદ્રધુની બંધ કરવા માંગતા હતા, પરંતુ તેઓ અમને બ્લેકમેલ કરી શકતા નથી. અમે તેમની સાથે વાત કરી રહ્યા છીએ અને કડક વલણ અપનાવી રહ્યા છીએ. તેઓએ ઘણા લોકોની હત્યા કરી છે, જેમાં અમારા પણ ઘણા લોકો સામેલ છે.

બીજી બાજુ, ઈરાનના નવા સુપ્રીમ લીડર મોજતબા ખામેનીએ કહ્યું છે કે ઈરાનનું શૂરવીર નૌધાદળ તેના શત્રુઓને હજી વધુ કડવો પરાજય ચખાડવા તૈયાર છે. તેમનું આ નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે અમેરિકાની નાકાબંધીના વિરોધમાં ઈરાને હોર્મુઝની સામુદ્રધૂનિ ફરીથી બંધ કરી દીધી છે. ઈરાને એમ પણ જણાવ્યું છે કે

...અનુસંધાન પાના 11 પર

### અમેરિકા દ્વારા મૂકાયેલી નવી દરખાસ્તોની સમીક્ષા કરીએ છીએ: ઇરાન

દુબઈ, તા. ૧૮(AP): ઈરાને શનિવારે જણાવ્યું હતું કે તે અમેરિકા દ્વારા રજૂ કરવામાં આવેલા નવા પ્રસ્તાવોની સમીક્ષા કરી રહ્યું છે. ઈરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદે એક નિવેદનમાં જણાવ્યું હતું કે પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીરે, મધ્યસ્થી તરીકે કામ કરતા, જ્યારે તેઓ તાજેતરમાં તેહરાનની મુલાકાતે ગયા હતા ત્યારે આ પ્રસ્તાવો ઈરાન સમક્ષ રજૂ કર્યા હતા અને તે હજુ પણ વિચારણા હેઠળ છે. આ પ્રસ્તાવોમાં શું હતું તે જાહેર કરવામાં આવ્યું નથી. પરિષદે જણાવ્યું હતું કે ઈરાને હજુ સુધી કોઈ જવાબ આપ્યો નથી, પરંતુ આગળની વાતચીત માટે અમેરિકાએ તેની વધુ પડતી માંગણીઓ છોડવી પડશે અને તેની વિનંતીઓને જમીની વાસ્તવિકતા મુજબ ગોઠવવી પડશે. પરિષદે એમ પણ કહ્યું કે જ્યાં સુધી યુદ્ધ સંપૂર્ણપણે સમાપ્ત ન થાય અને પ્રદેશમાં કાયમી શાંતિ ન સ્થપાય ત્યાં સુધી ઈરાન હોર્મુઝની સામુદ્રધુની દ્વારા થતી અવરજવર પર સંપૂર્ણ નિયંત્રણ જાળવી રાખશે. વધુમાં ઉમેર્યું કે તે પસાર થતા જહાજો પર વિગતવાર માહિતી એકત્રિત કરશે, ટ્રાન્ઝિટ પ્રમાણપત્રો આપશે અને ટોલ વસૂલશે. પરિષદે ઉમેર્યું હતું કે તે અમેરિકાના નૌકાદળના નાકાબંધીને યુદ્ધવિરામનું ઉલ્લંઘન માને છે, અને જ્યાં સુધી તે હટાવવામાં નહીં આવે ત્યાં સુધી હોર્મુઝની સામુદ્રધુની ફરીથી ખોલવામાં આવશે નહીં. દરમિયાન, અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે ઈરાન સાથે અમેરિકાની વાતચીત સારી રીતે ચાલી રહી છે અને તેઓ દિવસના અંત સુધીમાં વધુ માહિતી મળવાની અપેક્ષા રાખે છે.

**આ દરખાસ્તોમાં શું છે તેની માહિતી જાહેર કરાઇ નહીં, પણ ઇરાને કહ્યું કે અમેરિકાએ વધુ પડતી માગણીઓ છોડવી પડશે**

## ચીનના હ્યુમનોઇડ રોબોટે ફેક્ટરીમાં શિફ્ટ પૂરી કરી દુનિયાને ચોંકાવી દીધી!

# રોબોટનો 8 કલાકનો 'મેરેથોન' લાઈવ શો



**લેબમાંથી** સીધા પ્રોડક્શન લાઈન પર: 99.5%ની ચોકસાઈ સાથે રોબોટે બે માણસો જેટલું કામ કર્યું, 8 કલાકના અનએડિટેડ લાઈવ સ્ટ્રીમિંગમાં રોબોટની ક્ષમતાનું જીવંત પ્રદર્શન

**બેઇજિંગ | તારીખઃ ૧૮ એપ્રિલ, ૨૦૨૬:** કોઈ સેલિબ્રિટી નહીં, કોઈ ઈન્ફ્લુએન્સર નહીં અને કોઈ સ્ક્રિપ્ટેડ ડ્રામા પણ નહીં. તાજેતરમાં સોશિયલ મીડિયા પર એક અનોખો લાઈવ શો ચાલ્યો જેનો સ્ટાર એક 'રોબોટ' હતો. ચીનના નાનચાંગ શહેરમાં આવેલી એક ટેબ્લેટ ફેક્ટરીની પ્રોડક્શન લાઈન પર આ રોબોટે સતત 8 કલાક કામ કર્યું અને હજારો લોકો આ 'મેરેથોન લાઈવ સ્ટ્રીમ' જોઈને મંત્રમુગ્ધ થઈ ગયા હતા.

**લાઈવ ટેસ્ટઃ 'ડેમો' નહીં પણ અસલી કામ**

શાંઘાઈ સ્થિત કંપની 'AgiBot' દ્વારા વિકસિત AgiBot G2 નામના રોબોટે લોન્ગચીર (Longcheer) મેન્યુફેક્ચરિંગ સેન્ટરમાં પોતાની અસલી ક્ષમતા બતાવી હતી. કેમેરા સતત 8 કલાક સુધી આ મશીનની પાછળ રહ્યો, જેમાં રોબોટે કન્વેયર બેલ્ટ પરથી ટેબ્લેટ ઉઠાવવા, તેને ટેસ્ટિંગ ફિક્સ્ચરમાં મૂકવા, સારા અને ખરાબ યુનિટ્સ અલગ કરવા અને તૈયાર માલ આગળ મોકલવા જેવી જટિલ પ્રક્રિયાઓ કોઈ પણ ભૂલ વગર કરી હતી.

...અનુસંધાન પાના 11 પર

### કરાર ત્યારે જ ગણાય જ્યારે તે સંપૂર્ણ થાય: પાકિસ્તાન

**ઈસ્લામાબાદ, તા. ૧૮(PTI):** અમેરિકા અને ઈરાન વચ્ચેના સંઘર્ષને ઉકેલવા માટે પાકિસ્તાનના પ્રયાસો વાસ્તવિક અને હકારાત્મક આશાવાદ સાથે ચાલી રહ્યા છે તેમ સત્તાવાર સૂત્રોએ શનિવારે જણાવ્યું હતું, સાથે જ ભારપૂર્વક ઉમેર્યું હતું કે કોઈપણ સમજૂતી ત્યારે જ પૂર્ણ ગણાય જ્યારે તેના પર અંતિમ મહોર લાગે. વડાપ્રધાન શાહબાઝ શરીફ અને ચીફ ઓફ ડિફેન્સ ફોર્સીસ ફિલ્ડ માર્શલ અસીમ મુનીરે તેમના પશ્ચિમ એશિયાના પ્રવાસો પૂર્ણ કર્યા પછી, ઈસ્લામાબાદમાં બીજા તબક્કાની વાટાઘાટો અંગેના અહેવાલો વહેતા થયા છે. જો કે, મંત્રણાનો આગામી રાઉન્ડ ક્યારે યોજાશે તે હજુ સ્પષ્ટ થયું નથી. એક સત્તાવાર સૂત્રએ જણાવ્યું હતું કે, જ્યારે તમામની નજર ઈસ્લામાબાદમાં આગામી શાંતિ મંત્રણા પર ટકેલી છે, ત્યારે વાસ્તવિક અને સકારાત્મક રહેવાની જરૂર છે. જો કે, એ પણ સમજવું જોઈએ કે સોદો ત્યારે જ થયો કહેવાય જ્યારે તે ખરેખર પૂર્ણ થઈ જાય. પાકિસ્તાને શાંતિ પ્રક્રિયામાં મધ્યસ્થી તરીકે અત્યંત મહત્વની ભૂમિકા ભજવી છે અને યુદ્ધરત પક્ષોને સીધી વાતચીત માટે એક જ રૂમમાં લાવીને અશક્ય કાર્ય કરી બતાવ્યું છે, પરંતુ એ સ્પષ્ટપણે સમજવું જોઈએ કે ભલે જબરદસ્ત પ્રગતિ થઈ હોય, પણ કામ હજુ પૂરું થયું

...અનુસંધાન પાના 11 પર

## ભારત તરફ આવી રહેલા ૧૪ જહાજોને ઇરાની દળોએ અટકાવ્યા

# હોર્મુઝમાં ઈરાની ગનબોટ્સનો ભારતીય જહાજ પર ગોળીબાર

**બે ભારતીય** જહાજો પર ગોળીબાર, એક જહાજને થોડું નુકસાન, કર્મચારીઓ સલામત

**૧૩ જહાજો** પરત ફરી ગયા, એચપીસીએલ માટે ક્રૂડ લઇને આવતું એક જહાજ ભારત તરફ આવવા રવાના

નવી દિલ્હી, તા. 18: ક્રૂડ ઓઈલ અને ગેસ લઈને ભારત આવી રહેલા 14 જહાજોના કાફલાને ઈરાની રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ(IRGC) દ્વારા હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતી વખતે રોકવામાં આવ્યા હતા. આ દરમિયાન બે જહાજો પર ગોળીબાર કરવામાં આવતા, કાફલાના 13 જહાજો પર્સિયન ગલ્ફમાં વિવિધ સ્થળોએ પરત ફર્યા હોવાનું આ ઘટનાક્રમથી વાકેફ સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું.

ભારતીય ધ્વજ ધરાવતું એક જહાજ, જે ક્રૂડ ઓઈલ લઈ જઈ રહ્યું હતું, તેના પર હોર્મુઝની સામુદ્રધુની પાર કરતી વખતે IRGC દ્વારા છોડવામાં આવેલી ગોળીઓ વાગી હતી. આ હુમલામાં જહાજની બારીનો કાચ તૂટી ગયો હતો, જેના કારણે તેને પોતાની મુસાફરી રોકીને પરત ફરવાની ફરજ પડી હતી. બીજા જહાજને થયેલા નુકસાનની માત્રા તરત જાણી શકાઈ નથી, પરંતુ તે પણ પરત ફર્યું હતું. જો કે, હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ માટે ક્રૂડ ઓઈલ ભરેલું અન્ય એક ભારતીય જહાજ સામુદ્રધુનીમાંથી પસાર થઈ ગયું હતું અને હવે તે ભારત તરફ આગળ વધી રહ્યું છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઈરાનની બે ગનબોટ લક્ષિત ટેન્કર પાસે આવી હતી અને કોઈ પણ ચેતવણી આપ્યા વિના તેના પર ગોળીબાર કર્યો હતો. ગનબોટ્સ ઓમાનથી 37 કિલોમીટર ઉત્તર-પૂર્વમાં જહાજની નજીક આવી હતી, જેના કારણે અન્ય જહાજો ક્રોસિંગ પૂર્ણ કર્યા વગર જ પરત ફર્યા હતા. આ ઘટના કેશમ અને લારક ટાપુઓ વચ્ચેના જળક્ષેત્રમાં બની હોવાનું નોંધાયું છે.

હોર્મુઝની સામુદ્રધુની પર ચાલી રહેલી મડાગાંઠ શનિવારે ફરી વણસી હતી, કારણ કે ઈરાને આ મહત્વપૂર્ણ જળમાર્ગને ફરીથી ખોલવાનો નિર્ણય રદ કર્યો અને પસાર થવાનો પ્રયાસ કરતા જહાજો પર ગોળીબાર કર્યો હતો. આ સ્થિતિ ત્યારે સર્જાઈ છે જ્યારે અમેરિકાએ ઈરાની બંદરોની નાકાબંધી યથાવત રાખી છે. વિશ્વના આશરે પાંચમા ભાગના તેલના પરિવહન માટે ઉપયોગમાં લેવાતી આ સામુદ્રધુની અંગેની મૂંઝવણ ઉર્જા સંકટને વધુ ગંભીર બનાવવાની ભીતિ જન્માવી રહી છે. ઈરાન અને અમેરિકા વચ્ચેનો યુદ્ધવિરામ આગામી સપ્તાહના મધ્યમાં સમાપ્ત થવાનો છે.

...અનુસંધાન પાના 11 પર

### અટકાવાયેલા જહાજોમાંથી ૭ ભારતીય ધ્વજ ધરાવે છે

ભારત તરફ આવી રહેલા કુલ 14 જહાજોમાંથી સાત ભારતીય ધ્વજ ધરાવે છે, ચાર લાઈબેરિયાનો ધ્વજ ધરાવે છે, બે માર્શલ આઈલેન્ડના અને એક વિયેતનામનું છે. આ પૈકી છ જહાજો ક્રૂડ ઓઈલ, ત્રણ LPG અને ચાર ખાતર ભરીને લાવી રહ્યા છે, જ્યારે પાંચ જહાજો બલ્ક કેરિયર છે. તેમાંથી 13 જહાજોને ઈરાની નૌકાદળ દ્વારા રોકવામાં આવ્યા હતા અને રાહ જોવાની સૂચના આપવામાં આવી હતી. હાલમાં સાત જહાજો લારક ટાપુની દક્ષિણે ઈરાની નૌકાદળની મંજૂરીની રાહ જોઈ રહ્યા છે. ભારત સરકાર આ ફસાયેલા જહાજોની સુરક્ષિત મુસાફરી માટે ઈરાની સત્તાવાળાઓ સાથે સંકલન સાધી રહી હોવાનું સમજાય છે.

## ભારતીય જહાજો પર ગોળીબાર અંગે ઇરાનના રાજદૂતને તેડું

**વિદેશ** મંત્રાયલ કાર્યાલયમાં બોલાવીને વિરોધ અને ચિંતા પાઠવવામાં આવ્યા

**ભારતીય** જહાજોને સલામત પસાર થવા દેવાનું સુનિશ્ચિત કરવા વિનંતી કરાઇ

**નવી દિલ્હી, તા. 18(PTI):** ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ્સ દ્વારા કરવામાં આવેલા ફાયરિંગની ઘટના બાદ હોર્મુઝની સામુદ્રધુનીમાં બે ભારતીય જહાજોને પાછા ફરવાની ફરજ પડી હતી, જેના પગલે ભારતે શનિવારે ઈરાની દૂત મોહમ્મદ ફતાલીને સમન્સ પાઠવ્યા હોવાનું સત્તાવાર સૂત્રોએ જણાવ્યું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ ઘટના અંગે રાજદૂત સમક્ષ સખત વિરોધ નોંધાવવામાં આવ્યો છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, વિદેશ સચિવ વિક્રમ મિસરીએ બે જહાજો સાથે સંકળાયેલી ગોળીબારની ઘટના અંગે ભારતની ઊંડી ચિંતા ઈરાનના રાજદૂત સમક્ષ વ્યક્ત કરી હતી. વિદેશ મંત્રાલયે કહ્યું કે, વિદેશ સચિવે વેપારી શિપિંગ અને નાવિકોની સુરક્ષાને ભારત જે મહત્વ આપે છે તેની નોંધ લીધી હતી અને યાદ અપાવ્યું હતું કે ઈરાને અગાઉ ભારત તરફ આવતા અનેક જહાજોના સુરક્ષિત માર્ગ માટે સુવિધા કરી આપી હતી. MEA એ એક નિવેદનમાં જણાવ્યું હતું કે, "વેપારી જહાજો પર ગોળીબારની આ ગંભીર ઘટના અંગે પોતાની ચિંતા દોહરાવતા,

...અનુસંધાન પાના 11 પર

# કેન્દ્રીય કર્મચારીઓના મોંઘવારી ભથ્થામાં બે ટકાનો વધારો

**DA અને** DRમાં 2 ટકાનો વધારોઃ પહેલી જાન્યુઆરી ,૨૦૨૬થી અમલી ગણાશે

**50**.46 લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને 68.27 લાખ પેન્શનરોને ફાયદો થશે

નવી દિલ્હી, તા. 18: સરકારે શનિવારે મોંઘવારી ભથ્થા (DA) અને મોંઘવારી રાહત (DR) માં 2 ટકાનો વધારો કર્યો છે, જેનાથી અંદાજે 50.46 લાખ કેન્દ્રીય કર્મચારીઓ અને 68.27 લાખ પેન્શનરોને ફાયદો થશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં લેવાયેલા નિર્ણયો અંગે માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, મોંઘવારી ભથ્થા અને મોંઘવારી રાહત બંનેમાં થયેલા વધારાને કારણે સરકારી તિજોરી પર વાર્ષિક રૂ. 6,791.24 કરોડનો સંયુક્ત બોજ પડશે. કેન્દ્રીય કર્મચારીઓને મોંઘવારી ભથ્થા અને પેન્શનરોને મોંઘવારી રાહતનો વધારાનો હપ્તો 1 જાન્યુઆરી, 2026થી આપવાની આ મંજૂરી, ભાવવધારા સામે વળતર આપવા માટે મૂળભૂત પગાર/પેન્શનના હાલના 58 ટકાના દર પર 2 ટકાનો વધારો દર્શાવે છે. આ વધારો સ્વીકૃત ફોર્મ્યુલા મુજબ છે, જે 7મા કેન્દ્રીય પગાર પંચની ભલામણો પર આધારિત છે.

આ નિર્ણયથી સરકારી તિજોરી પર વાર્ષિક 6,791 કરોડનો વધારાનો બોજ પડશે. અગાઉ ઓક્ટોબરમાં મોંઘવારી ભથ્થું 55% થી વધારીને 58% કરવામાં આવ્યું હતું. પાછલો સુધારો 1 જુલાઈ 2025 થી પ્રભાવી ગણવામાં આવ્યો હતો, જેનું ચુકવણું એરિયર્સ સાથે કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં શનિવારે 18 એપ્રિલે દિલ્હીમાં મળેલી કેબિનેટ બેઠકમાં આ મંજૂરી આપવામાં આવી હતી. આનાથી અંદાજે 50.5 લાખ કર્મચારીઓ અને 68.3 લાખ પેન્શનરોને ફાયદો થશે. કેન્દ્ર સરકાર વર્ષમાં બે વાર, જાન્યુઆરી અને જુલાઈમાં મોંઘવારી ભથ્થા (DA) અને મોંઘવારી રાહત (DR) માં ફેરફાર કરે છે. આ નિર્ણયથી કર્મચારીઓના માસિક પગાર અને પેન્શનરોના પેન્શનમાં વધારો થાય છે. મોંઘવારી ભથ્થું (DA) એ સરકારી કર્મચારીઓને આપવામાં આવતું 'કોસ્ટ-ઓફ-લિવિંગ' એડજસ્ટમેન્ટ છે. તેની ગણતરી બેઝિક પે (મૂળ પગાર)ના ટકાવારી તરીકે કરવામાં આવે છે.

તા. ૧૯-૦૪-૨૦૨૬નું સુરત શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
| --- | --- | --- |
| ૩૯.૨° સે. | ૨૫.૫° સે. | ૨૬% |

